# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination July - 2026

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Course** | **:** | **BSW** | **Date** | **:** | **10-07-2026** |
| **Subject Code** | **:** | **BSWR - 302** | **Time** | **:** | **11:30am to 01:45pm** |
| **Subject Name** | **:** | **ભારતીય સામાજિક માળખું અને સામાજિક સમસ્યાઓ** | **Duration** | **:** | **02.15 Hours** |
| | | | **Max. Marks** | **:** | **70** |

---

**Section A**

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ત્રણ)** **(30)**

1. ભારતીય સામાજિક માળખાનો અર્થ સમજાવી, તેની મુખ્ય સામાજિક અને સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ ચર્ચા કરો.
2. સામાજિક સમસ્યા એટલે શું? સામાજિક સમસ્યાના મુખ્ય અભિગમોની વિગતવાર ચર્ચા કરો.
3. ભારતમાં અસ્પૃશ્યતા અને જ્ઞાતિ અસમાનતા વિશે સવિસ્તાર ચર્ચા કરો.
4. કૌટુંબિક હિંસા / ઘરેલું હિંસા એટલે શું? તેના કારણો અને તેને રોકવાના ઉપાયોની ચર્ચા કરો.
5. સમાજશાસ્ત્રનો અર્થ આપી, તેનું કાર્યક્ષેત્ર અને વિસ્તાર વિગતવાર સમજાવો.

**Section B**

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ચાર)** **(20)**

1. ટાલ્કોટ પાર્સન્સના સામાજિક માળખા અંગેના AGIL મોડેલની ટૂંકમાં સમજૂતી આપો.
2. ભારતમાં બદલાતા જતા જાતિ પ્રમાણ ના કારણો ટૂંકમાં સમજાવો.
3. સામાજિક કાર્યકર તરીકે સમુદાય કલ્યાણ માટે તમારું યોગદાન કેવું હોવું જોઈએ?
4. ભારતમાં વિકસતા સમુદાયોની મુખ્ય સમસ્યાઓ કઈ કઈ છે?
5. અસ્પૃશ્યતા નિર્મૂલન માટે ભારતીય બંધારણમાં કઈ જોગવાઈઓ કરવામાં આવી છે?
6. સામાજિક સમસ્યાઓના લક્ષણો ટૂંકમાં વર્ણવો.

**Section C**

**Part – A (Multiple Choice Questions)** **(10)**

1. બાળ લગ્ન એ કયા વિષય સાથે સંબંધિત છે?

   A. સામાજિક સમસ્યા B. સામાજિક માળખું

   C. ભૌતિકશાસ્ત્ર D. ગણિતશાસ્ત્ર

2. સામાજિક માળખાના AGIL મોડેલના પ્રણેતા કોણ છે?

A. ઓગસ્ટ કોમ્ત B. ટાલ્કોટ પાર્સન્સ

C. કાર્લ માર્ક્સ D. મેક્સ વેબર

3. ઘરેલું હિંસા એ કયા પ્રકારની સમસ્યા છે?

A. આર્થિક B. સામાજિક અને કૌટુંબિક

C. રાજકીય D. શારીરિક માત્ર

4. ભારતમાં અસ્પૃશ્યતા નિવારણ માટે બંધારણની કઈ કલમ (Article) મહત્વની છે?

A. કલમ ૧૫ B. કલમ ૧૭

C. કલમ ૨૧ D. કલમ ૩૨

5. સમાજશાસ્ત્રના અભ્યાસનું કેન્દ્રબિંદુ શું છે?

A. માનવ સમાજ B. વનસ્પતિ

C. પૃથ્વીનું બંધારણ D. બજાર વ્યવસ્થા

6. નીચેનામાંથી કઈ એક સામાજિક સમસ્યા છે?

A. બેરોજગારી અને જ્ઞાતિવાદ B. વરસાદ

C. ગરમી D. ધરતીકંપ

7. માનવ અધિકાર દિવસ કયારે ઉજવવામાં આવે છે.

A. ૧ એપ્રિલ B. ૧ ડીસેમ્બર

C. ૧૦ ડીસેમ્બર D. 5 એપ્રિલ

8. ભારતીય સમાજ કયા પ્રકારનો સમાજ ગણાય છે?

A. એકમુખી B. બહુમુખી અને વિવિધતાસભર

C. આદિમ માત્ર D. માત્ર પશ્ચિમી

9. જાતિ પ્રમાણ એટલે દર કેટલા પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા?

A. ૧૦૦ B. ૫૦૦

C. ૧૦૦૦ D. ૫૦૦૦

10. સમાજકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?

A. માત્ર નફો કરવો B. માનવ કલ્યાણ અને સામાજિક સુધારણા

C. વહીવટ ચલાવવો D. ઉદ્યોગો સ્થાપવા

## Part – B (Do as Directed) (10)

**નીચે આપેલ વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો**

1. અસ્પૃશ્યતા એ ભારતની એક ગંભીર સામાજિક સમસ્યા છે.
2. ટાલ્કોટ પાર્સન્સે AGIL મોડેલ આપ્યું નથી.
3. ભારતીય સમાજમાં સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે.
4. કૌટુંબિક હિંસા માત્ર ગ્રામીણ વિસ્તારોમાં જ જોવા મળે છે.
5. જાતિ પ્રમાણમાં અસમાનતા એ તંદુરસ્ત સમાજની નિશાની છે.
6. ગરીબી એ સામાજિક સમસ્યા નથી
7. સામાજિક સમસ્યાઓની અસર સમગ્ર સમાજ પર પડતી નથી.
8. જ્ઞાતિ પ્રથા એ ભારતીય સામાજિક માળખાનું એક મહત્વનું અંગ છે.
9. સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વચ્ચે કોઈ સંબંધ નથી.
10. શિક્ષણ દ્વારા સામાજિક સમસ્યાઓમાં ઘટાડો કરી શકાય છે.

******